## || ૐ શ્રી સાઈરામ ||

## || ૐ શ્રી સાઈ ભક્તજન હૃદયાલયાય નમ: ।। (૭૧)

## ભક્તોના હૃદયમાં નિવાસ કરવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે, સર્વભૂતમાત્રના હૃદયમાં હું સ્થાનબદ્ધ છે.

આપણા હાથ કરતા હૃદય વધારે નજીક હોવાથી પ્રત્યક્ષ ભગવાને તેમના નિવાસસ્થાન તરીકે ભક્તોના હૃદય પસંદ કર્યા છે.

સ્વામી કહે છે-'હૃદય નામના ભૌતિક અવયવ કરતા આધ્યાત્મિક હૃદય ખૂબ જ અલગ છે. આધ્યાત્મિક પરિભાષામાં હૃદય ચિરંતન અને અપરિવર્તનીય હોય છે. આ હૃદય અથવા તત્ત્વ જાણનારો સમસ્ત વાતોનો જાણકાર, સર્વજ્ઞ થાય છે. આ જાણવામાં જ સાચું સ્વાતંત્ર્ય સમાયેલું છે.'

ભક્તોના હૃદયને પોતાનું નિવાસસ્થાન બનાવનારા ભગવાન શિરડી સાઈ અવતાર ' ની આ એક કથા. શ્રી. દાદાસાહેબ ખાપડે નામના સાઈનાથના એક અસીમ ભક્ત. તેમને અનેક વાર શિરડી જવાનું થતું. એકવાર તો અંગ્રેજોની ધરપકડથી તેમને બચાવવા માટે સાઈનાથે તેમને ઘણો વખત શિરડીમાં રોકી લીધા હતા. સાઈનાથના એક પરમ ભક્તશ્રી. માધવરાવ દેશપાંડે, જે સાઈનાથને દેવા કહીને બોલાવતા. જ્યારે સાઈનાથ તેમને ‘ શામા ’ કહીને બોલાવતા. ૮ ડિસેંબર ૧૯૧૧ ના રોજ શ્રી. દાદાસાહેબ ખાપર્ડને એક અદ્ભુત અનુભવ થયો. તે એ કે- દાદાસાહેબ માધવરાવના ઘરે ગયા, ત્યારે માધવરાવ ગાઢ નિદ્રામાં હતા, પરંતુ માધવરાવ મુખ વાટે બહાર પડનારા અને અંદર લેવાતા પ્રત્યેક શ્વાસ દ્વારા સાઈનાથ મહારાજ, સાઈનાથ મહારાજ' એવો ધ્વનિ સંભળાતો હતો. આ ધ્વનિ ઘણા અંતર સુધી સ્પષ્ટ સંભળાતો હતો.

આના પરથી એક વાત સિદ્ધ થાય છે કે, સમીપતા, સરૂપતા, સલોકતા, સાયુજ્યતા એવી ભક્તિની પગથીઓ માધવરાવે પાર કરી હતી.

સ્વામી કહે છે-‘ ભક્તિ તમને શક્તિ તરફ લઈ જાય છે અને શક્તિ તમને મુક્તિ પ્રદાન કરે છે. મુક્તિ તમારી આસક્તિને યોગ્ય વસ્તુ પર સ્થિર કરે છે અને આવી રીતે વૃદ્ધિ પામેલી ભક્તિ છેલ્લે મુક્તિ પ્રદાન કરે છે '.

એક દિવસ સ્વામી એક ભક્તને કહ્યું- " હું તારે ઘરે આવીશ." તે ભક્તને ઘણો આનંદ થયો અને તેણે સ્વામીને પોતાના ઘરનું સરનામું કહ્યું. સ્વામીએ ફરીથી તેને સરનામું પૂછ્યું. ફરીથી તે ભક્તે

તે જ સરનામું કહ્યું. ત્યારે સ્વામી બોલ્યા - " એ તારું ઘર નથી. એ તો ભાડાનું ઘર છે. તારું ઘર એટલે તારું શરીર અને હું ત્યાં સતત ઉપસ્થિત હોઉં છું. પરંતુ માયાના પ્રભાવને લીધે તને તે ખબર નથી. માયાને દૂર કર અને મારા અસ્તિત્વનો અનુભવ લે."

પ્રત્યેક નિર્મળ હૃદય એ પ્રશાંતિનિલયમ જ હોવાથી ભગવાન બાબા તેમાં વાસ કરે છે.

|| ૐ શ્રી સત્ય સાઈનાથાપર્ણમસ્તુ ||